વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટીકટ, સબ ડિસ્ટીકટ પલસાણાનાં મોજે ગામ તુંડી, જેનો સર્વે નં ૨૧ /બ્લોક: ૨૫ ચાલી આવેલ છે. જેનું ક્ષેત્રફળ સુમારે ૦૧ હેકટર ૪૩ આરે ૮૯ સમચો.મી. યાને ૧૪૩૮૯ સમ ચો.મી. છે જેનો આકાર રૂા ૧૮.૦૦ પૈસા જેનો ખાતા નંબર ૧૬૨૧ થી નોંધાયેલી વાળી બીન ખેતી જમીન ચાલી આવેલ છે. તેના સંયુકત માલીકો મુખત્યાર તથા કબજેદારો (૧) રમેશચંદ્ર રતીલાલ માળી (૨) રશ્મિબેન રમેશચંદ્ર માળી (૩) અમી પ્રશાંત માળી (૪) રુચી તે રમેશચંદ્ર રતીલાલ માળીની દિકરી અને મયંક માળીની પત્ની (૫) છાયાબેન તે રમેશચંદ્ર રતીલાલ માળીની દિકરી અને વિનોદચંદ્ર માળીની પત્ની નાઓ પાસેથી મારા અસીલે વેચાણ લેવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોકત બીન ખેતી જમીનમાં કોઇના કોઇપણ જાતના હક્ક હિસ્સા કે લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, હિત, સંબંધ, ગણોત હક્ક, દરમેલ હક્ક, ખાધાખોરાકીયા, લિયાનના હક્કો યા ઇઝમેન્ટના હક્કો યા બેંક મંડળી, સંસ્થા, કે બીજા કોઇપણ જાતના હક્ક હોય તો તે અંગેની દિન-૭ માં પુરાવા સહિત હમોને લેખિતમાં જાણ કરવી જો તેમ કરવામાં કસુર થયે સદર બીન ખેતી જમીનમાં કોઇના કોઇપણ પ્રકારના હક્ક, હીસ્સા, દરદાવા, બોજા, લાગભાગ વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. તેમ ગણી મુદ્દત વિત્યે હમારા અસીલ પાકા લખાણો/દસ્તાવેજો કરાવી લેશે અને ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર યા વાંધા ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ :"બી-૧" ભાગ્યલક્ષ્મી વિભાગ-૨ પીપલોદ સુરત. મો. ન. ૯૮૭૯૭૮૫૧૩૮,

દિપીકા. ડી. જાદવ
તે ખરીદનારના એડવોકેટ

ટાઇટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીશ

નીચે જણાવેલી મજકુર મિલકત **શ્રી શંભુભાઈ દેવસીભાઈ,** રહે.: એ/૭૫, રામબાગ કો.ઓ.હા.સો.લિ., અશ્વનીકુમાર રોડ, સુરતનાં પોતાની માલિકીની હોવાનું જણાવીને હમારી અસીલ બેંકમાં ગીરોમાં મુકવા ટાઇટલ રીપોર્ટની માંગણી કરેલી છે. આ મિલકત અગાઉનો વેચાણ દસ્તાવેજ નં.: ૧૭૦૧ તા.: ૦૫/૦૩/૧૯૯૩ ની અસલ નોંધણીની રસીદ તેઓનાં જણાવ્યા અનુસાર ગેરવલ્લે મુકાઈ ગયેલ છે. આ અસલ રસીદનાં આધારે કોઈનાં પણ હકક-અધિકારો આ મિલકત ઉપર ઉભા થયેલા હોય કે કોઈને વાંધો યા તર-તકરાર હોય યા કોઈપણ શખ્સનાં હકક-અધિકાર અન્ય રીતે હોય કે આ મિલકતનાં ચોખ્ખા-માર્કેટેબલ અને બોજા રહિત ટાઇટલ રીપોર્ટ આપવા સામે વાંધો હોય તો આ નોટીશ પ્રસિદ્ધીથી <u>દિન ૮ (આઠ)</u> માં તેવા વાંધા-હકક-અધિકાર અંગેનાં પુરાવાઓ નીચે જણાવેલા સરનામે બતાવી જવા. મુદત દરમ્યાન કોઈનાં વાંધા વિગેરે આવશે નહી તો મિલકતનાં ટાઇટલ સંપૂર્ણ બોજા રહિત, ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું અને સદરહુ અસલ રસીદ ખરેખર ગેરવલ્લે મૂકાઈ ગયેલાનું માનીને ટાઇટલ રીપોર્ટ આપવા બાબતે કોઈને વાંધો નથી કે કોઈનાં હકક-હિત નથી અને હોય તો જતા કરેલા છે. એમ સમજીને આગળની કાર્યવાહી કરવામાં આવશે. નોટીશના સમય બાદ કોઈનાં વાંધા યા હકક-અધિકાર ચાલશે નહિ, જેની નોંધ લેવી.

<u>મિલકતનું વર્ણન :</u> શહેર સુરતના અશ્વનીકુમાર રોડ, ફુલપાડા વિસ્તારમાં આવેલ રે.સ. નં.: ૧૩૦/૧ પૈકીથી નોંધાયેલી જમીન ઉપર આવેલ **રામબાગ કો. ઓ. હા. સોસાયટી લિ.** માં આવેલ **પ્લોટ નં.: ૭૫/એ** કે જેને સીટી સર્વે દફતરે સીટી સર્વે નોંધ નં.: ૯૭૨૧ આપવામાં આવેલ છે તે વિગતની બાંધકામ સહિતની મિલકત.

સરનામું : જી/૧, "તારાનોમ", બી-વિંગ, લાલભાઈ કોન્ટ્રાકટર કોમ્પ.ની પાછળ, નિલકંઠ મહાદેવ મંદિરની બાજુમાં, નાનપુરા, સુરત. સમય સવારે ૧૦ થી સાંજે ૮

અસીલની સુચનાથી
સંદીપ ડી. નાયક
એડવોકેટ

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

સુરત જીલ્લાના અરેઠ તાલુકાના **મોજે ગામ કરંજ,** ના સીટી સર્વે ઓફીસ - બારડોલી, વોર્ડ-કરંજ(બીનખેતી) ના, સિટી સર્વેનં. NA219/pર, કે જેનું સીટી સર્વે મુજબ કુલ સમારે ક્ષેત્રફળ હે.આરે. ૨૭૯૨૪ ચો.મી. વાળી કુલ્લે બિનખેતી ની જમીનના માલિક/કબજેદાર, મુખત્યાર **(૧) પરેશકુમાર હર્ષદરાય ભંડારી (૨)દેવેન્દ્ર હર્ષદરાય ભંડારી (૩) જશવંતીબેન હર્ષદરાય ભંડારી (૪) શશિકલા બળવંતરાય કોન્ટ્રાકટર (૫) દર્શિની તે બળવંતરાય કોન્ટ્રાકટરની પુત્રી તથા કેતન ભંડારીની પત્ની (૬) મનાલી બળવંતરાય કોન્ટ્રાકટર (૭) હિનલ તે બળવંતરા કોન્ટ્રાકટરની પુત્રી તથા પ્રીયાંશ મગદેલિયાની પત્ની (૮) ભીષ્મદત્ત બળવંતરાય** કોન્ટ્રાકટર એ મજકુર જમીન પ્રત્યક્ષ માલિકી કબજા, વહીવટ વ્યવસ્થા હેઠળની હોવાનું તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઇટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલોને વેચાણ આપવા નકકી કરેલ છે, જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની, દસ્તાવેજ વગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દીન-૭, માં તે અંગેની સંપૂર્ણ ખાત્રી રૂબરૂ મળી અમોને કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી, અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ મારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી, જરૂરી કાયદેસરના દસ્તાવેજો/લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી. તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

સ્થળ : સુરત, તા. ૨૩.૦૪.૨૦૨૬
એ/૧૦૮-૧૦૯, પહેલા માળે, આદિત્ય કોમ્પલેક્ષ, કાપોદ્રા-ઉત્રાણ બ્રીજ પાસે, ઉત્રાણ, સુરત. મો. ૯૯૦૯૧ ૮૪૨૩૦

મુકેશ એન. કપુરીયા
(એડવોકેટ)
અમારા અસીલની સુચના અને ફરમાઈશથી

મોજે : ડુમસ, તા. મજુરાના સ. નં. ૬૪૧/૧ વાળી અને ટી. પી. સ્કીમ નં. ૭૭ (ડુમસ) ના અંતિમ ખંડ નં. ૧૪૮/એ/૧ તથા ૧૪૮/એ/૨ વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે : ડુમસ, તાલુકો : મજુરા, જીલ્લો સુરતના સરવે નં. ૬૪૧/૧ વાળી ૭૫૫૮ સમચોરસ મીટર ક્ષેત્રફળની જમીન કે જેને ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નં. ૭૭ (ડુમસ) લાગુ થતા મૂળ ખંડ નંબર : ૧૪૮/એ આપવામાં આવેલો છે અને તેના બદલામાં અંતિમ ખંડ નંબર - ૧૪૮/એ/૧ થી ૪૬૩૦ ચોરસ મીટર તથા અંતિમ ખંડ નંબર - ૧૪૮/એ/૨ થી ૨૮૦ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે તે બિનખેતીની જમીન મહેસુલી રેકર્ડ ઉપર (૧) સુરેશચંદ્ર અમૃતલાલ શાહ, (૨) પ્રદિપકુમાર જયંતિલાલ શાહ, (૩) સોહિલ રાજેન્દ્રકુમાર શાહ, (૪) કૃપેશકુમાર રમેશચંદ્ર શાહ અને (૫) શાહ પરિવાર ટ્રસ્ટ તરફે અને વતી સેટલર દિલીપ ચીમનલાલ શાહનાઓના નામે ચાલે છે. તેઓએ ઉપરોકત જમીન મારા અસીલને તમામ પ્રકારના બોજાઓથી મુકત રીતે અને પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપવાની કબૂલાત આપી છે અને વેચાણ દસ્તાવેજ કરી આપવાની બાંહેધરી આપી છે. મારા અસીલ કિંમતી અવેજ ચુકવી સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માંગે છે. સબબ, મારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જે કોઈના મજકુર જમીન ઉપર સીધા કે આડકતરા કાંઈપણ હક્ક, હિત, સંબંધ, દર-દાવા, કલેઈમ હોય કે સુચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** ની મુદતમાં પુરાવા સહિત નીચે સહી કરનારને લેખીત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહીં તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી મારા અસીલ આ વ્યવહાર સંપૂર્ણ કરશે અને તે બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહિં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

મહર્ષિ હિતેશ લાયવાલા (તે ખરીદનારના એડવોકેટ)
ત્રીજો માળ, સાઈગોન, સીટીલાઈટ રોડ, પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત.

વેચાણ અંગે ટાઇટલ ક્લીયરન્સની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનુ કે ગુજરાત રાજયના ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તાલુકો માંગરોળના મોજે **ગામ : બોરસદના ખાતા નં.૮ ના સર્વે નંબર ૨૮૨, બ્લોક નંબર : ૨૮૯, જેનુ ક્ષેત્રફળ હેકટર-આરે ૨-૩૯-૦૨ ચો.મી. યાને ૨૩૯૦૨ ચો.મી.** જુની શરતની જમીનના ૭/૧૨ ના રેકોર્ડ પર ચાલતા માલીક **(૧) ઝુલેખાબેન અહમદભાઇ બોબાત, (૨) સારાબીબી મહમદ બોબાત, (૩) મેહબુબ મહમદ બોબાત, (૪) ઇમ્તીયાઝ એહમદ મહમદ બોબાત, (૫) ફઝીલા મહમદ બોબાત તે અકબરભાઇ બદાતની પત્ની, (૬) આયેશા મહમદ બોબાત તે નીમા જલાલીની પત્ની, (૭) બીલાલ મહમદ બોબાત, (૮) આમીનાહ મોહમ્મદ મુલ્લા, (૯) ઝયનાહ મોહમ્મદ મુલ્લા, (૧૦) યાકુબ યુસુફ બોબાત, (૧૧) યુનુસ યુસુફ બોબાત, (૧૨) શેહનાઝ યુસુફ બોબાત તે દાઉદ લુલાતની પત્ની, (૧૩) ફરીદા યુસુફ બોબાત તે ફારૂક ભુલાની પત્ની, (૧૪) રૂકશાના યુસુફ બોબાત તે ઉમર ફારૂક ભયજીની પત્ની, (૧૫) ઝુલેખા યુસુફ બોબાત તે મોહમદ ભયજીની પત્ની** છે. જે મજકુર જમીન તેમની સ્વતંત્ર માલીકી અને કબજા-ભોગવટા વાળી ચાલી આવેલી હોવાનુ જણાવીને તેમા કોઇનો કોઇપણ લાગભાગ, હકક, હિત, હિસ્સા, કલેઇમ યા ઇન્ટરેસ્ટ ન હોવાનુ જણાવી અને તેવો વિશ્વાસ આપીને તે જમીન તેમણે અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. અમારા અસીલ ટુંક સમયમા મજકુર જમીનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ જમીન માલીક તથા નંબર : ૨ થી ૧૫ ના કુલમુખત્યાર તરીકે નાસીરહુસેન અબદુલ્લાહ રાવત પાસેથી કરાવી લેનાર છે. સબબ, મજકુર જમીન સંદર્ભે હરકોઇનો કોઇપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગ-ભાગ, વેચાણ, ગીરો, બક્ષીસ, વારસાઇ, કબજા હકક, ઇઝમેન્ટ, હકક, હીત, હિસ્સો, અધિકાર, સંબંધ કે દાવો, લીયન, કલેઇમ યા ઇન્ટરેસ્ટ હોય તો તે અંગેના લેખીત પુરાવા સહિત અમારા અસીલ તરફે અમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭ (સાત)** મા નીચેના સરનામે મળવુ, મુદત વિત્યે કોઇનો કશા પ્રકારનો વાંધો-વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, હિસ્સો, અધિકાર, કલેઇમ યા ઇન્ટરેસ્ટ ન હોવાનુ અને હોય તો તે રાજીખુશીથી જતો (વેવ) કરેલ છે તેમ માની મજકુર જમીનના મુળ માલીકોને પુરેપુરો અવેજ ચુકવીને અમારા અસીલ મજકુર જમીનનો કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, અને ત્યારબાદ ભવિષ્યમા કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર, વાંધો-વિરોધ, દાવા-દુવી ચાલશે નહી, જેની આથી તમામે સ્પષ્ટ નોંધ લેવી.

ઓફિસઃ એ-૨૦૫, એપેક્ષ કોમર્શીયલ સેન્ટર, ધનામીલની સામે, વરાછા રોડ, સુરત. મો.૯૩૭૬૭૫૭૦૩૩

પ્રફુલ વી. ચોડવડીયા
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગે ટાઇટલ ક્લીયરન્સની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનુ કે ગુજરાત રાજયના ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તાલુકો માંગરોળના મોજે **ગામ : બોરસદના ખાતા નં.૮ ના સર્વે નંબર ૨૮૪, બ્લોક નંબર : ૪૩૩, જેનુ ક્ષેત્રફળ હેકટર-આરે ૨-૬૫-૧૮ ચો.મી. યાને ૨૬૫૧૮ ચો.મી.** જુની શરતની જમીનના ૭/૧૨ ના રેકોર્ડ પર ચાલતા માલીક **(૧) ઝુલેખાબેન અહમદભાઇ બોબાત, (૨) સારાબીબી મહમદ બોબાત, (૩) મેહબુબ મહમદ બોબાત, (૪) ઇમ્તીયાઝ એહમદ મહમદ બોબાત, (૫) ફઝીલા મહમદ બોબાત તે અકબરભાઇ બદાતની પત્ની, (૬) આયેશા મહમદ બોબાત તે નીમા જલાલીની પત્ની, (૭) બીલાલ મહમદ બોબાત, (૮) આમીનાહ મોહમ્મદ મુલ્લા, (૯) ઝયનાહ મોહમ્મદ મુલ્લા, (૧૦) યાકુબ યુસુફ બોબાત, (૧૧) યુનુસ યુસુફ બોબાત, (૧૨) શેહનાઝ યુસુફ બોબાત તે દાઉદ લુલાતની પત્ની, (૧૩) ફરીદા યુસુફ બોબાત તે ફારૂક ભુલાની પત્ની, (૧૪) રૂકશાના યુસુફ બોબાત તે ઉમર ફારૂક ભયજીની પત્ની, (૧૫) ઝુલેખા યુસુફ બોબાત તે મોહમદ ભયજીની પત્ની** છે. જે મજકુર જમીન તેમની સ્વતંત્ર માલીકી અને કબજા-ભોગવટા વાળી ચાલી આવેલી હોવાનુ જણાવીને તેમા કોઇનો કોઇપણ લાગભાગ, હકક, હિત, હિસ્સા, કલેઇમ યા ઇન્ટરેસ્ટ ન હોવાનુ જણાવી અને તેવો વિશ્વાસ આપીને તે જમીન તેમણે અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. અમારા અસીલ ટુંક સમયમા મજકુર જમીનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ જમીન માલીક તથા નંબર : ૨ થી ૧૫ ના કુલમુખત્યાર તરીકે નાસીરહુસેન અબદુલ્લાહ રાવત પાસેથી કરાવી લેનાર છે. સબબ, મજકુર જમીન સંદર્ભે હરકોઇનો કોઇપણ પ્રકારનો વાંધો-વિરોધ, લાગ-ભાગ, વેચાણ, ગીરો, બક્ષીસ, વારસાઇ, કબજા હકક, ઇઝમેન્ટ, હકક, હીત, હિસ્સો, અધિકાર, સંબંધ કે દાવો, લીયન, કલેઇમ યા ઇન્ટરેસ્ટ હોય તો તે અંગેના લેખીત પુરાવા સહિત અમારા અસીલ તરફે અમોને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭ (સાત)** મા નીચેના સરનામે મળવુ, મુદત વિત્યે કોઇનો કશા પ્રકારનો વાંધો-વિરોધ, તરતકરાર, લાગભાગ, હકક, હીત, હિસ્સો, અધિકાર, કલેઇમ યા ઇન્ટરેસ્ટ ન હોવાનુ અને હોય તો તે રાજીખુશીથી જતો (વેવ) કરેલ છે તેમ માની મજકુર જમીનના મુળ માલીકોને પુરેપુરો અવેજ ચુકવીને અમારા અસીલ મજકુર જમીનનો કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, અને ત્યારબાદ ભવિષ્યમા કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર, વાંધો-વિરોધ, દાવા-દુવી ચાલશે નહી, જેની આથી તમામે સ્પષ્ટ નોંધ લેવી.

ઓફિસઃ એ-૨૦૫, એપેક્ષ કોમર્શીયલ સેન્ટર, ધનામીલની સામે, વરાછા રોડ, સુરત. મો.૯૩૭૬૭૫૭૦૩૩

પ્રફુલ વી. ચોડવડીયા
તે ખરીદનારના એડવોકેટ

લાકડાના ગોડાઉનમાં આગ લાગતા વૃદ્ધ દાઝયા

સુરતઃ ઉન વિસ્તારમાં ગત મોડી રાત્રે એક લાકડાના ગોડાઉનમાં ભયાનક આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. રાત્રે મોડી રાત્રે 3:34 કલાકે ઉન સનામીલ પાસે આવેલી નવાબ રેસિડન્સી નજીક ફિરોજ લાકડાવાલાના ગોડાઉનમાં અચાનક આગ લાગી હતી. લાકડાનો જથ્થો હોવાને કારણે આગે મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને આકાશમાં ધુમાડાના ગોટેગોટા ઉડવા લાગ્યા હતા. આ દુર્ઘટનામાં ગોડાઉનમાં હાજર 65 વર્ષીય ડી. માધવરાવ ગંભીર રીતે દાઝી ગયા હતા, જેમને તાત્કાલિક સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આગ એટલી પ્રચંડ હતી કે તેને કાબૂમાં લેવા માટે ફાયર વિભાગે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ઘટનાની ગંભીરતાને જોતા સુરત ફાયર વિભાગના આઠ અલગ-અલગ સ્ટેશનો ભેસ્તાન, મજુરા, ઉધના, ભીમરાડ, વેસુ, માન દરવાજા, ડુંભાલ અને કતારગામથી ફાયર ફાઈટરોની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયર સબ ઓફિસર વિજય સોલંકીના માર્ગદર્શન હેઠળ જવાનોએ ચારે બાજુથી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા. આ આગમાં ગોડાઉનમાં રાખેલા કિંમતી લાકડાના દરવાજા, પતરાનો શેડ તેમજ રંધા મશીન, પાતાળ મશીન અને દેંશો મશીન સહિતની તમામ મશીનરી બળીને ખાખ થઈ ગઈ હતી.

મોજે : ડુમસ, તા. મજુરાના સ. નં. ૬૧૪/૪ વાળી અને ટી. પી. સ્કીમ નં. ૮૨ (ડુમસ) ના અંતિમ ખંડ નં. ૩૪/ડી વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે : ડુમસ, તાલુકો : મજુરા, જી. સુરતના સરવે નં. ૬૧૪/૪ વાળી ૯૮૧૪ સમચોરસ મીટર ક્ષેત્રફળની જમીન કે જેને ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નં. ૮૨ (ડુમસ) લાગુ થતા મૂળ ખંડ નં. ૩૪/ડી આપવામાં આવેલો છે અને તેના બદલામાં અંતિમ ખંડ નં. ૩૪/ડી થી ૬૩૮૦ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે તે બિનખેતીની જમીન મહેસુલી રેકર્ડ ઉપર (૧) સુરેશચંદ્ર અમૃતલાલ શાહ, (૨) પ્રદિપકુમાર જયંતિલાલ શાહ, (૩) સોહિલ રાજેન્દ્રકુમાર શાહ, (૪) કૃપેશકુમાર રમેશચંદ્ર શાહ અને (૫) શાહ પરિવાર ટ્રસ્ટ તરફે અને વતી સેટલર દિલીપ ચીમનલાલ શાહનાઓના નામે ચાલે છે. તેઓએ ઉપરોકત જમીન મારા અસીલને તમામ પ્રકારના બોજાઓથી મુકત રીતે અને પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપવાની કબૂલાત આપી છે અને વેચાણ દસ્તાવેજ કરી આપવાની બાંહેધરી આપી છે. મારા અસીલ કિંમતી અવેજ ચુકવી સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માંગે છે. સબબ, મારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જે કોઈના મજકુર જમીન ઉપર સીધા કે આડકતરા કાંઈપણ હક્ક, હિત, સંબંધ, દર-દાવા, કલેઈમ હોય કે સુચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** ની મુદતમાં પુરાવા સહિત નીચે સહી કરનારને લેખીત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહીં તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી મારા અસીલ આ વ્યવહાર સંપૂર્ણ કરશે અને તે બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહિં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

મહર્ષિ હિતેશ લાયવાલા (તે ખરીદનારના એડવોકેટ)
ત્રીજો માળ, સાઈગોન, સીટીલાઈટ રોડ, પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત.

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરત સિટી (મજુરા), મોજે ગામ : આભવામાં આવેલ, રે.સર્વે નં. :- ૫૦૬ પૈકી ભાગ ૬ (જે હાલ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ સ.નં. ૫૦૬/પૈકી/૭) વાળી બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટો નં. ૩૦૬ ના

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીશ થકી લાગતાં વળગતાં તમામને જણાંવવાનું કે ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરત સિટી (મજુરા), મોજેગામ : આભવામા આવેલી, રે. સર્વે.નં :- ૫૦૬ પૈકી ભાગ ૬ (જે હાલ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ સ.નં. ૫૦૬/પૈકી/૭)વાળી બિનખેતી વાળી એકર ૨૦-૦૦.ગુંઠા ક્ષેત્રફળ વાળી જમીન પૈકી બીનખેતીના લે - આઉટ તાલુકા પંચાયત અધિકારીશ્રીએ રહેઠાણના હેતુ માટે મંજુર કરેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર ૩૦૬** થી નોંધાયેલી ખુલ્લી જમીન જેનુ ક્ષેત્રફળ ૧૪૯.૦૦ ચો.વાર યાને ૧૨૪.૫૮ ચો.મીટર (સિટી સર્વે પ્રમાણે હાલ વોર્ડ આભવા (બિનખેતી)સીટી સર્વે નંબર NA૫૦૬/૭/૩૦૬ સિટી સર્વે રેકર્ડ મુજબનુ ક્ષેત્રફળ ૧૨૪.૫૮ ચો.મી) વાળી જમીન / મિલકતનાં હાલનાં માલીક **મર્હુમ રામસ્વરૂપ વિષ્ણુસ્વરૂપ કશ્યપના કાયદેસરના વારસદારો નં (૧) સુધાબેન તે રામસ્વરૂપ વિષ્ણુસ્વરૂપ કશ્યપની દીકરી તથા જગન્નાથ કશ્યપની પત્ની (૨) મર્હુમ સુનીલભાઇ રામસ્વરૂપ કશ્યપ ના કાયદેસરના વારસદારો (એ)રજનીબેન તે સુનીલભાઇ રામસ્વરૂપ કશ્યપની વિધવા (બી) રોહિત સુનીલભાઇ કશ્યપ (૩) મર્હુમ શોભાબેન તે રામસ્વરૂપ વિષ્ણુસ્વરૂપ કશ્યપની દીકરી તથા સુરેશભાઇ મગનભાઇ કશ્યપની પત્ની ના કાયદેસરના વારસદારો (એ) સુરેશભાઇ મગનભાઇ કશ્યપ (બી)અલ્પેશ સુરેશભાઇ કશ્યપ** પોતે હોવાનુ જણાંવી તેઓ સદરહુ મિલકત કિંમતી અવેજ લઇને હમારા અસીલને વેચાણ આપનાર છે. મજકુર મિલકતના ઉપરોકત માલિક સિવાય અન્ય કોઇનો કોઇપણ જાતનો હકક, હિસ્સો, લાગભાગ, હોય તથા કોઇ નાણાકીય સંસ્થા, બેંક કે શરાફી પેઢીનો કોઇ પણ પ્રકારનો ગીરો હોય, તો તેમણે પુરાવા સાથે લેખિતમાં દિન - ૭ માં રૂબરૂ યા જવાબ સ્વરૂપે મોકલી આપવો. મુદત પુર્ણ થયેથી મજકુર મિલકતમાં કોઇની કોઇપણ જાતની તકરાર નથી. એવું ગણી લઇ હમારા અસીલ ઉપરોકત માલિકને અવેજની પુરેપુરી રકમ ચુકવીને પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અક્ષય કે. ગેમલાવાલા એડવોકેટ | **કલ્પેશ એસ. આહિરે** એડવોકેટ | **કપિલ ડી. રાણપરીયા** એડવોકેટ
ઠે.:- ૩૦૧-બાલાજી એન્કલેવ, નાનપુરા વોર્ડ ઓફીસની સામે, નાનપુરા, સુરત. મો.નં. ૯૧૦૬૯-૪૯૨૨૩

અસલ રજી.રસીદ ગુમ થયા અંગેની તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નવસારી ડીસ્ટ્રીક્ટ, સબ-ડીસ્ટ્રીક્ટ તાલુકો : જલાલપોરના મોજે ગામ-દાંતી બ્લોક નંબર : ૨૩૦ વાળી બીનખેતીની જમીનમાં "સાંઇભુમિ ફાર્મ" ના નામથી રહેણાંકના હેતુસર પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૫ (સ્થળ બુકીંગ મુજબ પ્લોટ નં.૨)વાળી ખુલ્લી જમીન કે જેનો કે.જે.પી. બાદ જુનો સર્વે/બ્લોક નં.૨૩૦/ પૈકી ૪૨ આપવામાં આવેલ તથા પ્રમોલગેશન થતા રી-સર્વે બાદ નવો સર્વે/બ્લોક નંબર : ૩૩૮૨ આપવામાં આવેલ છે તે પ્લોટવાળી જમીન કે જેનું ક્ષેત્રફળ ૧૦૮૪.૨૨ ચો.મી. તથા લાગુ કોમન પ્લોટના વપરાશી હકકો જેનું ક્ષેત્રફળ ૧૭૪.૯૭ ચો.મી. તેમજ રોડ રસ્તાની જમીનમાં વણવહેંચાયેલ ૧૫૦.૨૯ ચો.મી. તથા સી.ઓ.પી.ની જમીનમાં વણવહેંચાયેલા હિસ્સાની ૩૭.૬૪ ચો.મી. જમીન મળી કુલ્લે ૧૪૪૭.૧૨ ચો.મી. વાળો ખુલ્લો પ્લોટ તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક અધિકાર સહિતની જમીનના માલીકે પોતાની સ્વતંત્ર માલિકીની તથા શાંત અને પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ, વપરાશનું હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે પરંતુ સદરહુ મિલ્કતના અગ્રહકકધારીએ કરી આપેલ નીચે જણાવેલ રજી.વેચાણ દસ્તાવેજની અસલ રજીસ્ટ્રેશન રસીદ તેમના કબજા, ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે અને તે ખુબ શોધવા છતાં તેમને મળી આવતી નથી. તે સંજોગોમાં સદરહુ અસલ રજીસ્ટ્રેશન રસીદ કોઈપણ બેંક યા નાણાકીય સંસ્થા યા વ્યક્તીના કબજામાં હોય યા સદરહુ મિલ્કત પર કોઈના કોઈપણ પ્રકારના ચાર્જ બોજા કે લીયનના યા અન્ય કોઈપણ પ્રકારના હકક, હિત, અધિકાર કે હકકો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં તેમના વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને મોકલી આપવા. તેમા કસુર થયેથી સદરહુ મિલ્કતોમાં હીત ધરાવનારાઓએ સદરહુ મિલ્કત પરત્વેના તેમના તમામ હકક, અધિકાર વેવ કરેલા યા જતા કરેલા હોવાનું માની હમારા અસીલ સદરહુ મિલ્કતના પાકા વેચાણ દસ્તાવેજ તેમજ જરૂરી લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી, તેમજ જો આ રજી. ફી ની રસીદ કોઈની પણ પાસે હોય તો મારી મારફતે તેના માલીકને પરત સોંપી દેવા અને તેનો દુર ઉપયોગ કરવો નહી. જો કોઈ તેનો દુર ઉપયોગ કરશે તો તેની સામે કાયદેસરના પગલા ભરવામાં આવશે. જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૪/૦૪/૨૦૨૬

-: ખોવાઈ ગયેલ રજીસ્ટ્રેશન રસીદના દસ્તાવેજની વિગત :-

ક્રમ	મંજુર થયેલ પ્લાન મુજબ પ્લોટ નંબર	સ્થળ બુકીંગ મુજબ પ્લોટ નંબર	પ્લોટનું ક્ષેત્રફળ ચો.મી.	રજી. વેચાણ દસ્તાવેજ નંબર	નોંધણી તારીખ
૧	૫	૨	૧૦૮૪.૨૨	૪૦૭	૩૦/૦૧/૨૦૧૨

હિતેશ જે. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી

અમર બી. જરીવાલા
એડવોકેટ
મો. ૯૦૧૬૨૫૬૨૯૯

તે ખરીદનારના એડવોકેટ્સ
ઓફીસ : એફ/૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, અલથાણ રોડ, સુરત. મો.નં. ૯૭૨૬૮ ૮૮૧૯૮

-:: જાહેર નોટીસ ::-

ડી. સુરત

ક્રમ નં.	ગામ	સર્વે નં.	બ્લોક નં.	ક્ષેત્રફળ	આકાર
૧	જોળવા, તા. પલસાણા	૧૯૮/૧	૨૩૫	૩૮૦૫૩	૫૩.૬૨
૨	મગોબ, તા. પુણા	૨૬	૪૩	૧૨૧૪૧	૨૮.૧૨
૩	મગોબ, તા. પુણા	૨૭/૨	૪૬	૮૮૦૨	૨૧.૩૦
૪	મગોબ, તા. પુણા	૨૭/૧	૪૭	૮૬૦૦	૨૧.૩૦
૫	પુણા	૨૯૫	૩૩૪	૧૯૨૨૩	૨૯.૫૦
૬	પુણા	૩૬૧	૩૯૯	૯૨૦૭	૧૭.૦૬
૭	પુણા	૩૮૧/૩	૪૨૨	૨૪૯૮૯	૪૬.૩૧
૮	પુણા	૩૮૨/૨/અ	૪૨૧	૧૨૧૪૨	૨૨.૫૦
૯	પુણા	૩૮૨+૨બ,૩૯૪	૪૨૪	૩૩૦૮૩	૬૧.૩૧
૧૦	પુણા	૬૧૪/૫/૨	૭૨૯	૧૪૧૬	૨.૮૧
૧૧	જોળવા	૨૦૫/૨	૨૪૨	૧૫૨૨૧	૨૨.૦૬
૧૨	જોળવા	૨૦૫/૧-૧	૨૪૬	૨૪૦૨૧	૩૨.૫૬
૧૩	જોળવા	૨૦૫/૧/૨	૩૬૩	૨૨૪૭૫	૩૦.૪૪
૧૪	પુણા	૩/૨	૮	૨૩૨૭	૪.૩૧
૧૫	જોળવા	૨૦૩	૨૪૫	૧૪૮૬૪	૧૮.૫૬
૧૬	જોળવા	૨૧૬/૧	૨૩૬	૧૧૮૯૨	૧૭.૨૫
૧૭	જોળવા	૨૧૫	૨૫૭	૧૫૬૯૭	૨૧.૮૧

વાળી જમીનોમા મારા અસીલ **સુધાબેન તે ભુલાભાઇ કસનજીભાઈની પુત્રી તથા પ્રકાશભાઇ પટેલની પત્નિ** નો કાયદેસરનો ૧/૪ હીસ્સો ચાલી આવેલ છે. સદરહું **જમીનમાથી ૧/૪ હીસ્સો** વહેંચણ કરી હદહુદથી અલગ કરી મારા અસીલના કબજે ભોગવટે સુપ્રત કરી આપે તેમજ મર્હુમ કાંતિભાઇ ભુલાભાઇ, મહેન્દ્રભાઇ ભુલાભાઇ તથા ભરતભાઇ ભુલાભાઇ વચ્ચે તા. ૨૦/૪/૦૪ નો થયેલ કહેવાતો **"કૌટુંબીક વ્યવસ્થાનો કરાર"** ગેરકાયદેસરનો, હકક-અધીકાર વિનાનો, નનેસ્ટ, નલીટી છે અને મારા અસીલને બંધનકર્તા નથી વિગેરે દાદ માંગતો **સુરતની સીવીલ કોર્ટમા રેગ્યુ.દી.મુ.નં. ૩૧૦/૨૦૨૫ નો દાવો દાખલ કરેલ છે.** તેમજ સદરહું **દાવાની લીઝ પેન્ડેન્સ નોટીસ સુરત સબ રજી. કચેરી (નવાગામ) મા અનુક્રમ નં. ૪૮૪૧ તથા ૪૮૪૨, તા. ૧૦/૩/૨૦૨૬ ના રોજ તથા પલસાણા સબ રજી. કચેરીમા અનુક્રમ નં. ૩૪૪૪, તા. ૨૫/૩/૨૦૨૬** ના રોજ નોંધણી કરેલ છે. આમ સદરહું જમીનો બાબતે સુરત સીવીલ કોર્ટમા તકરાર પેન્ડીંગ હોય અને તેમા મારા અસીલનુ હીત સમાયેલુ હોય તેથી જાહેર જનતા તથા સંસ્થાઓને આ જાહેર નોટીસથી જણાવીએ છીએ કે સદરહું જમીનો બાબતે કોઇએ પણ કોઈપણ પ્રકારના વેચાણ, ગીરો, ટ્રાન્સફરના વહેવારો કરવા કરાવવા નહી કે કોઈપણ સરકારી કે સહકારી બેન્કે લોન, બોજા આપવા નહી. તેમ છતા જો ઉપર જણાવેલા કૃત્યો કોઈપણ વ્યકતી, સંસ્થા કે બેન્કો કરશે તો તેઓની સામે મારા અસીલને કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે અને તેઓને સદરહું જમીનોમા કોઇ હકકો પ્રાપ્ત થશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૩.૦૪.૨૦૨૬

ઓફીસઃ ૩૩૨-૩૩૩, મારવેલા બીઝનેસ હબ, આર.ટી.ઓ. કચેરીની સામે, હજીરા રોડ, પાલ, સુરત. ફોન :૯૮૨૫૪ ૫૬૭૨૫

ધર્મેન્દ્રકુમાર જે. પટેલ
તે સુધાબેન તે ભુલાભાઇ કસનજીભાઈની પુત્રી તથા પ્રકાશભાઇ પટેલની પત્નિના એડવોકેટ

ટાઇટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરતઃ ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ-તાલુકાઃ અબ્રામા, મોજેઃ મોટા વરાછા ના રેવન્યુ સર્વે નંબરઃ ૩૦૦, બ્લોક નંબરઃ ૨૭૫, ટી.પી. સ્કીમ નંબરઃ ૨૪, ફાયનલ પ્લોટ નંબરઃ ૧૩૨/એ તથા ૧૩૨/બી વાળી જમીનમાં આયોજીત **સાંઇ મોહન સોસાયટી** માં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નંબરઃ ૨૯ (જેનો કે.જે.પી દુરસ્તી બાદ પ્લોટ નંબરઃ ૨૭૫/૨૯, સીટી સર્વે રેકર્ડમાં સમાવેશ થવાથી સીટી સર્વે નંબરઃ એનએ૨૭૫/૨૯)** વાળી મિલકતના માલીકે હમો કનેથી ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ મેળવેલ અને ત્યારબાદ તેઓએ મજકુર મિલકતના **અસલ વેચાણ દસ્તાવેજ નંબરઃ ૧૮૩૨૧ તારીખઃ ૨૪.૧૨.૨૦૧૦ તથા તેની અસલ નોંધણીની ફી રસીદ** ગુમ થયેલ હોવાનું જણાવી હમોની અસીલ બેંકને મજકુર મિલકત તારણમાં આપીને ધિરાણ મેળવનાર હોય, જેથી સદરહું મિલકતમાં કોઇનો કોઇપણ લાગભાગ, હકક, હીત, હીસ્સો, દરદાવો હોય તો તેણે આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિનઃ ૭** માં હમારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહીત લેખિતમાં જાણ કરવી. તેમ ન થતા સદરહું મિલકતમાં તેવો કોઇનો કોઇ લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો તે **જતો (વેઇવ)** કર્યો છે તે જાણી રજીસ્ટર્ડ મોર્ગેજ તથા ધિરાણની પ્રક્રિયા કરવામાં આવશે અને હમોની અસીલ બેંકનો પ્રથમ ચાર્જ ગણાશે. ત્યારબાદ કોઇની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની ખાસ નોંધ લેવી.

તા. ૨૪.૦૪.૨૦૨૬
ઓફિસ નંબર ૪૦૨-૪૦૩, પ્રોટોન પ્લસ, સ્ટાર બજારની બાજુમાં, અડાજણ, સુરત, મો. ૯૬૮૭૦ ૨૬૨૬૭

ભાર્ગવ કે. ભેડા
એડવોકેટ

જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરતઃ ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા ઓલપાડના **મોજે ગામ : માસમાના** સર્વે નંબર : ૧૫૯/૨ બ્લોક નંબર : ૨૮૧/અ (જેનો ખાતા નંબર : ૭૫૫૭ તથા આકાર રૂા. ૧૦.૨૬ પૈસા) વાળી જુનીશરતની ખેડખાતાની જમીન જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ ૦ હે. ૭૧ આરે ૩૫ ચો.મી. **યાને ૭૧૩૫ ચો.મી.** છે તે જમીન **<u>ભરતભાઇ દેવજીભાઇ ગાબાણી તથા અમિતભાઇ જીવરાજભાઇ લુખી</u>** એ તેમની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટા, વહીવટ, વપરાશની હોવાનું જણાવી સદર જમીન હમોના અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં જમીનના માલિકો સિવાય અન્ય કોઈ શખ્સ, પેઢી, બેંક કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, દરદાવો, કે લીયન કે કોઈપણ જાતના સાટાખત, બાનાખત, કબજા, ગણોત હકક, અન્ય બોજા કે અન્ય કોઈ પણ હકક અધિકાર હોઈ તો તેણે આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિન : ૧૫** માં હમારા નીચે જણાવેલા સરનામે પુરાવા સહીત લેખિતમાં જાણ કરવી. તેમ ન થતા સદર જમીનમાં તેવો કોઈનો કોઈ લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો તે જતો કર્યો છે એમ ગણી હમોના અસીલ સદર જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તેઓના નામે કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં જેની ગંભીર નોંધ લેવી.

તા. ૨૪.૦૪.૨૦૨૬
ઓફિસ નંબર ૪૦૨-૪૦૩, પ્રોટોન પ્લસ,સ્ટાર બજારની બાજુમાં, અડાજણ, સુરત, મો. ૯૬૮૭૦ ૨૬૨૬૭.

ભાર્ગવ કે. ભેડા
એડવોકેટ

ડીસ્ટ્રીકટ નવસારી, સબ ડીસ્ટ્રીકટ ગણદેવી, મોજે દુવાડાના જુનો બ્લોક નં. ૨૯, નવો બ્લોક ૨૯૫ ના વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ નવસારી, સબ ડીસ્ટ્રીકટ ગણદેવી, **મોજે દુવાડા** ના જુનો **બ્લોક નં. ૨૯** નવો **બ્લોક નં. ૨૯૫** વાળી જુની શરતની આકાર રૂા.૧૫.૯૫ ધરાવતી ખેતીની જમીન જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે.૩-૩૮-૩૬ આરે ચો.મી. છે તે જમીન **ધ્વની ભાવેશ મામણીયા** એ પોતાની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું તેમજ ટાઈટલ કલીયર હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહુ વેચાણવાળી જમીન અંગે કોઈ પણ વ્યકિત કે ખાનગી બેંક, સહકારી યા સરકારી બેંક, નાણાંકીય સંસ્થાનો યા અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગભાગ, દરદાવા, કબજાના હકકો, સાટાખત, ગીરોખતના હકકો, ખોરાકી પોષાકીના હકકો કે ઈઝમેન્ટના હકકો હોય યા સદર વેચાણ સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૧૦** માં અમોને લેખિતમાં જરૂરી પુરાવા સાથે જાણ કરવી. મુદત વીત્યે કોઈના કોઈપણ જાતના લાગભાગ, દરદાવા, કબજાના હકકો, સાટાખત, ગીરોખતના હકકો, ખોરાકી પોષાકીના હકકો કે ઈઝમેન્ટના હકકો નથી કે સદર વેચાણ સામે કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર નથી યા છોડી દીધા છે તેમ ગણી હમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિત, ખાનગી બેંક, સહકારી યા સરકારી બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

તા. ૨૪/૦૪/૨૦૨૬
ઓફિસ : સી-૩૦૬, ત્રીજો માળ, સફાયર બિઝનેશ હબ, મધુવન સર્કલ પાસે, ગેલેક્ષી સર્કલ રોડ, અડાજણ, સુરત. મો.નં. ૯૮૨૫૩૭૧૬૭૧

જયેશ આર. લીમ્બાચીયા
દિવ્યેશ એચ. ભટ્ટ
તે ખરીદનારના એડવોકેટ્સ

જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે મારા અસીલો નામે નરેશભાઈ બળવંતભાઈ પટેલ તથા કેતનભાઈ બળવંતભાઈ પટેલ રહેવાસી : મોટીફળી, કોસાડ, સુરતની મળેલી ખાસ સુચના અને ફરમાઇશ અન્વયે આ જાહેર નોટીસ થકી જાહેર ચેતવણી આપી જણાવવાનું કે નીચે કોષ્ટકમાં જણાવેલ ખેતીની જમીનો મારા અસીલોનાં નામે તથા કબજા ભોગવટામાં ચાલી આવેલ છે. અને મજકુર તમામ જમીનોમાં મારા અસીલો સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો કબજો ભોગવટો ચાલી આવેલ નથી.

ક્રમ	ગામ	તાલુકો	જીલ્લો	બ્લોક નંબર	ક્ષેત્રફળ	આકાર
૧.	કોસાડ	કતારગામ	સુરત	૫૬૪	૧-૦૪-૨૧	૧૭.૦૦
૨.	કોસાડ	કતારગામ	સુરત	૫૭૭	૦-૬૮-૮૦	૧૧.૨૫
૩.	કોસાડ	કતારગામ	સુરત	૫૭૮	૦-૧૯-૨૨	૨.૯૪
૪.	કોસાડ	કતારગામ	સુરત	૫૬૦	૦-૨૪-૨૮	૩.૧૯

ઉપરોકત કોષ્ટકમાં જણાવેલ જમીનોમાં મારા અસીલોનાં બહેન નામે હેમાંગીનીબેન બળવંતભાઈ પટેલ તથા તેમનાં વારસદારોનાં નામો સહમાલીક તરીકે ચાલી આવેલ છે, અને મજકુર તમામ જમીનમાં રહેલ તેમનો વણવહેંચાયેલો હકક હિસ્સો અન્ય ગાહિત ઇસમને વેચાણ કરવા ફરી રહેલાનું મારા અસીલોનાં ધ્યાન ઉપર આવેલ છે, ઉપરોકત કોષ્ટકમાં જણાવેલ જમીનોમાં સહમાલીકો વચ્ચે આજદીન સુધી કોઈ હિસ્સો હદહુડથી છુટો પાડવામાં આવેલ નથી તેમજ ઉપરોકત કોષ્ટકમાં જણાવેલ જમીનો હાલમાં જુદા જુદા રેવન્યુ પ્રકરણો ચાલી રહેલ છે, અને મહેરબાન સુરતનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દિ.મુ. નં. ૨૩૧/૨૦૧૮ નો ચાલી રહેલ છે, જે હાલ પેન્ડીંગ છે. આમ, સદરહુ ઉપરોકત કોષ્ટકમાં જણાવેલ જમીનો વિવાદી જમીનો હોય અને દાવાનો વિષય વસ્તુ હોય સદરહુ જમીનો બાબતે કોઈપણ ઇસમોએ કોઈની સાથે મજકુર જમીનો બાબતનાં ખરીદ-વેચાણ, બક્ષીસ યા હરકોઈ રીતે તબદીલી અંગેનાં કોઈપણ પ્રકારનાં વ્યવહારો કરવા કરાવવા નહી તેમ છતા આવા કોઈપણ વ્યવહારો કરવામાં આવશે તો તેવા તમામ વ્યવહારો આ જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી થકી હમારા અસીલોને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે નહી અને સદરહુ જમીનોમાં વ્યવહારો કરનાર ઇસમોને તકરારો સિવાય કશુ પ્રાપ્ત થશે નહી અને દાવાનાં પ્રકરણોમાં સંડોવાવુ પડશે જેની જાહેર જનતાએ આ જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી થકી ગંભીર નોંધ લેવી.

તા. ૨૪/૦૪/૨૦૨૬

કિરણ એમ. પટેલ
એડવોકેટ
Mob.No. : 70466 50970

મહેન્દ્ર એમ. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી
Mob.No. : 98245 69273

નરેશભાઈ બળવંતભાઈ પટેલ તથા કેતનભાઈ બળવંતભાઈ પટેલનાં એડવોકેટસ
ઓફિસ : ૯, સ્મિત રેસીડેન્સી, ક્રોસ રોડ, અમરોલી, સુરત-૩૯૪૧૦૭.

મહેરબાન ઓલપાડના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં,

વાદીઃ- આયશાબાનુ અકબરખાન વિગેરે.. રે.દિ.મુ.નં.૯૦/૨૦૧૫
વિરૂદ્ધ
વાદીના વકીલ શ્રીમતી મંગલા એસ. પટેલ

પ્રતિવાદીઃ- (૧.૫) શબ્બીર રહીમબેગ મિર્ઝા,
(૧.૬) સાફીયાબાનું રહીમબેગ મિર્ઝા,

<u>**જાહેર સમન્સ**</u>

આ દાવાના વાદીએ ઉપરોકત નંબરનો દાવો નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે. તમોને સદર દાવામાં જણાવેલ સરનામે નામદાર કોર્ટના પ્રોસેસો બેલીફ મારફત બજાવવા જતાં પ્રોસેસો તમોને બજતા નથી. જેથી તમોને દૈનિક પેપર દ્વારા નામદાર કોર્ટના પ્રોસેસની બજવણી જાહેર રીતે કરવામાં આવે છે. સદર દાવાની હવે પછીની ઠરાવ તા.૧૫ માહે જૂન, સને-૨૦૨૬ રાખવામાં આવેલ છે. જેથી તે દિવસે તમોએ જાતે અગર વકીલશ્રી મારફત સવારે ૧૧:૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર રહેવુ. જો તમો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરીમાં સદર ઉપરોકત નંબરના દાવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તારીખઃ ૨૩મી માહેઃ એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યા.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર		હુકમથી
(એ.એમ.ગોલાણી)	(એમ.એમ. રાઠોડ)	કોર્ટનો સીકકો	(વાય. એમ. ખેંગાર)
આસીસ્ટન્ટ	સુપ્રિન્ટેન્ડન્ટ		રજીસ્ટ્રાર
સીવીલ કોર્ટ, ઓલપાડ	સીવીલ કોર્ટ, ઓલપાડ		સીવીલ કોર્ટ, ઓલપાડ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીક્ટ, સબ-ડિસ્ટ્રીક્ટ **માંગરોલ**ના ગામ/મોજે : **વસરાવી**માં આવેલ **સર્વે/બ્લોક નં. ૩૪૭, જુનો સર્વે નં. ૩૧૩/૧બ** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન, જેનું ક્ષેત્રફળ **હે.આરે. ૨-૭૭-૦૭** ચો.મી. યાને **૨૭,૭૦૭** ચો.મી. છે, જેનો ખાતા **નં. ૭૩૦** તથા આકાર રૂા. ૮.૧૪ પૈસા છે, તે જમીન (૧) **મનજીભાઇ કાળુભાઇ ખુંટ (૫૦ ટકાનો હિસ્સો), (૨) રસીલાબેન તે મોહનભાઇ બેલડીયાની દિકરી તે ભરતભાઇ નાકરાણીની પત્ની, (૩) સોનલબેન તે શામજીભાઇ ભાયાણીની દિકરી તે પ્રકાશભાઇ પ્રવીણભાઇ નાકરાણીની પત્ની તથા (૪) કિરણબેન વલ્લભભાઇ માણીયા તે જગદીશભાઇ પ્રવિણભાઇ નાકરાણી**ની પત્ની નાં નામે ચાલી આવેલ છે. જે જમીન પોતાની માલિકી અને કબજા ભોગવટાની હોવાનુ જણાવી તેઓ મારા અસીલને અવેજ લઈ વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, કે લિયન, બાનું, સાટાખત, સોદાચિઠ્ઠી કે દસ્તાવેજ હોય કે અન્ય કોઈપણ પ્રકારના ભરણપોષણ કે ઈઝમેન્ટ રાઈટસ હોય કે રસ્તાના આવવા જવાના હકક કે અધિકાર હોય તો તેઓએ દિન-૭ માં સબળ આધારભુત દસ્તાવેજી પુરાવા નકલ સાથે અમારા નીચે જણાવેલ સરનામે રૂબરૂ અથવા રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા લેખિત વાંધા સાથેની જાણ કરવી. અન્યથા કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમનો કોઈપણ પ્રકારના હકક, હિસ્સો, રાઈટ યા ટાઈટલ ઈન્ટરેસ્ટ સદર જમીનમાં છે નહી અને હોય તો તે જતા યાને વેવ કરેલ છે. તેમ માની અમો દ્વારા અમારા અસીલને નો-ઓબ્જેકશન સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ મારા અસીલ સદર જમીનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી લેશે. ત્યારબાદ કોઈપણ પ્રકારનો વાંધો કે હરકત કોઈપણ તબકકે ચલાવી લેવામાં આવશે નહી જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તારીખ : ૨૪/૦૪/૨૦૨૬

ઓફિસ : "VR ADVOCATES" ૧૦૬, ડ્રીમલેન્ડ, નિર્મળનગરની બાજુમાં, સરથાણા જકાતનાકા, સુરત. ૩૯૫ ૦૦૬ મો.નં. ૮૮૬૬૩ ૧૪૯૧૩

અમારી મારફત
વિમલ આર. પણસારા
એડવોકેટ

સાવધાન.... સાવધાન.... સાવધાન.... સાવધાન....

મોજે ગામ ભાઠાના બ્લોક નં. ૫૬૫/બ તથા મોજે પાલના બ્લોક નં. ૯૫, ૪૪૭(અ) તથા ૪૪૭(બ) જેને ટી.પી.સ્કીમ નં. ૧૬(પાલ) જેને એફ.પી. અનુક્રમ નં. ૩૧-૩૨ પૈકી વાળી જમીન ઉપર આયોજીત પલાસ પલાડીયા તથા નિષાલ શોપીગ સેન્ટર વાળી કોમર્શિયલ બિલ્ડીગ અંગે જાહેર ચેતવણી

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ **સુરત સીટી**, મોજે **ગામ ભાઠા**ના રે.સ.નં. **૬**, બ્લોક નં. **૫૬૫/બ** થી નોંધાયેલી જમીન સંબંધે **ગુજરાતમિત્ર દૈનિક** વર્તમાનપત્રમાં તા. ૦૨/૦૪/૨૦૨૬ ના રોજ આપેલ એડવોકેટશ્રી **હિતેશ એલ. લાયવાલાના**ઓએ આપેલ **વેચાણ અંગેની જાહેર નોટીસ** નો જવાબ હમારા **એડવોકેટશ્રી મુકેશ એસ. પટેલ**નાઓએ તા. ૦૬/૦૪/૨૦૨૬ ના રોજ આપેલ જેનો જાહેર જવાબ કમ ખુલાસાનો એડવોકેટશ્રી યાવરહુસેન એમ. કાલા તથા મોહંમદ અનસ યુસુફ વરીયાવાનાઓએ તા. ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ આપેલ જવાબ કમ ખુલાસાનો જવાબ તથા વળતી નોટીસનો જવાબ કમ ખુલાસો ખોટી અને પાઠાફેર છે ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ અડાજણના મોજે ગામ ભાઠાના રે.સ.નં. ૬ બ્લોક નં. ૫૬૫/બ જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૨૦-૩૯ ચો.મી.વાળી જમીન હમારા અસીલના **પિતાશ્રી હામેદખાં જાફરખાં પઠાણ** ચાલી આવેલ છે **હામેદખાં જાફરખાં પઠાણ**નાઓ તા. ૩૧/૦૮/૧૯૫૦ ના રોજ ગુજરી જતાં તેમના સીધીલીટીના વારસદાર તરીકે **(૧) જાફરખાન હામેદખાં, (૨) પીરખાન હામેદખાં** તથા **(૩) આમદખાન હામેદખાં** તથા **(૪) રહેમતખાતુન હામેદખાં** તથા **(૫) મેમુનાબીબી હામેદખાં પઠાણ** મળી કુલ્લે પાંચ વારસદારો હીસ્સો ચાલી આવેલ છે, હમારા અસીલનો જન્મ તા. ૨૩/૦૯/૧૯૪૨ ના રોજ થયેલો. જે જન્મના દાખલામાં હમારા અસીલનું નામ **મેમુનાબીબી હામેદખાં પઠાણ** નામ ચાલી આવેલ છે તેમજ હમારા અસીલના પાનકાર્ડ, પાસપોર્ટમાં તેમજ રેશનકાર્ડમાં પણ મેમુનાબીબી ચાલી આવેલ છે.

સદરહુ જમીન વેચાણ કરવા હમારા અસીલ મેમુનાબીબીએ કોઈને પણ સત્તા કે કુલમુખત્યાર કે તેવા પ્રકારનું કોઈ લખાણ આપેલ નથી સદરહુ જમીનમાં હમારા અસીલના પિતાશ્રી **હામેદખાં જાફરખાં ગુજરી** જતા હમારા અસીલનો કાયદેસરનો હકક હિસ્સો પચાવી પાડવા ગુનાહીત ઈરાદે હમારા અસીલના ભાઈ આમદખાન હામેદખાન અને પીરખાન હામેદખાન અને જાફરખાન હામેદખાનના મેળાપીપણામાં ખોટા પેઢીનામા માં હમારા અસીલનું ખોટું નામ દર્શાવી ખોટી વારસાઈની નોંધ નં. ૩૯૨૪ પડાવેલ સદર નોંધ પાડતી વખતે ઝુબેદાખાતુન અને રહીમાખાતુન નામ દર્શાવ્યા છે. તે નામ પણ ખોટા છે. અને તુમાર માં સહી તથા અંગુઠાના નિશાન પણ ખોટા છે યાને કે કોઈ ભળતી વ્યકિતએ કરેલા છે. તેમજ સદર નોંધ પાડતી વખતે મેમુનાબીબી અને રહેમતખાતુનનાઓને ૧૩૫(ડી) ની નોટીસ પણ મળેલ નથી અને જવાબ પણ લીધેલ નથી વળી મજકુર નોંધ અને દસ્તાવેજ બાબતે આજદિન સુધી રેવન્યુ રાહે કે દિવાની રીતે તકરાર ઉપસ્થિત ન કરવાથી ખોટુ સાચુ થઈ જતુ નથી અને તેના થી હમારા અસીલના હકકો જતા રહેતા નથી હમારા અસીલ કાયદાકીય અજ્ઞાનતા, ભોળપણ, અભણ અને ભાઈ ભત્રીજા પ્રત્યે પ્રેમના કારણે હમારા અસીલને ઉધ્ધુચતુ સમજાવી તા. ૨૫/૧૦/૨૦૧૯ તથા તા. ૨૨/૬/૨૦૦૪ ના રોજ ત્રણે નામ વાળી ખોટી એફીડેવીટ ગુનાહીત કાવતરું અને ષડયંત્ર રચી ગેરકાયદેસર રીતે ઉભી કરેલ છે. બને એફીડેવીટોનું લખાણ વિસંગત છે. અને આ એફીડેવીટથી જાહેર જનતાને ગેરમાર્ગે દોરાવતા આવેલા છે. વળી ત્રણ નામની એફીડેવીટથી હમારા અસીલના હકકો જતા રહેતા નથી કે હમારા અસીલના હકકો ને અસર થતી નથી સદર જમીનમાં હમારા અસીલના હકકો આજેપણ અકબંધ છે. તા. ૨૫/૦૧/૨૦૨૧ ના રોજ આમદખાન હામેદખાન પઠાણનાઓએ પેઢીનામાની એફીડેવીટ કરેલ છે. જેમાં હમારા અસીલનું સાચું નામ મેમુનાબીબી વજીર શેખ તે હામેદખાનના ઝાફરખાન પઠાણની દિકરી દર્શાવેલ છે. વળી ત્રણ નામની એફીડેવીટથી હમારા અસીલના હકકો જતા રહેતા નથી વળી આપના અસીલને પણ કોઈ ચોખ્ખા ટાઇટલ પ્રાપ્ત થતા નથી અને આપના અસીલને પણ સદરહું જમીનમાં ટાઇટલ કલીયર પ્રાપ્ત થતા નથી હમારા અસીલનો સદરહુ જમીનમાં કાયદેસરનો હકક હિસ્સો પચાવી પાડવાના ઈરાદે બોગસ પેઢીનામું ઉભુ કરી ખોટી વારસાઈ કરાવી ગુનાહિત કાવતરૂં, ષડયંત્ર રચી જમીનનું મસમોટું કોભાંડ આચરેલ છે. સદરહું જમીનમાં હમારા અસીલ નો હિસ્સો અકબંધ હોય કોઈ કર્ન્ફમેશન ડીડ કરી આપેલ ન હોય જેથી સદરહુ જમીનના ટાઇટલ ચોખ્ખા ન હોય સદરહું જમીન અંગે હમારા અસીલની સહી સંમતિ વિના કોઈપણ વ્યકિત સાથે કોઈપણ જાતનો વ્યવહાર કરવો નહી.

ડીસ્ટ્રીકટ સુરતના તા. અડાજણના મોજે ગામ પાલમાં સર્વે નં. ૪૭૯, ૪૮૨ જેનો બ્લોક નં. ૪૪૭/અ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૦-૨૫-૨૯ ચો.મી. તથા સર્વે નં. ૪૭૯, ૪૮૨ જેનો બ્લોક નં. ૪૪૭/બ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૦-૨૫-૨૯ ચો.મી. તથા સર્વે નં. ૧૦૦ બ્લોક નં. ૯૫ જેનું ક્ષેત્રફળ ૦-૯૬-૧૧ ચો.મી. જમીનોમા **મેમુનાબીબીના બદલે ઝુબેદાખાતુન**નુ ખોટુ નામ પેઢીનામા માં દર્શાવી ખોટી વારસાઈ કરી મસમોટું કોભાંડ કરેલ છે તથા ડીસ્ટ્રીકટ સુરત સબ ડીસ્ટ્રીકટ અડાજણના મોજે ગામ **ભાઠાના રે.સ.નં. ૬, બ્લોક નં. ૫૬૫/બ** જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૨૦-૩૯ ચો.મી.વાળી જમીનમાં **મેમુનાબીબીના બદલે ફાતમાખાતુન** નુ ખોટુ નામ પેઢીનામા માં દર્શાવી બધી જમીનોમાં **મેમુનાબીબીનો હકક હિસ્સો પચાવી પાડવાના ગુનાહીત ઈરાદે અલગ અલગ ખોટા ખોટા નામ દર્શાવી** ખોટી વારસાઈ કરી મસમોટું કોભાંડ કરેલ છે. જે અંગે ઈકોસેલમાં ફોજદારી ફરીયાદ કરેલ છે. જેની તપાસ ચાલુ છે. હમારા અસીલનો હકક હીસ્સો ડુબાડવાના બદઈરાદે સદરહુ જમીન અંગે કોઈપણ વ્યકિત કે ઈસમે હમારા અસીલની સહિ સંમતિ વિના કોઈપણ જાતના વ્યવહાર કરવા કરાવવા નહી અને વ્યવહાર કરનારને કોઈ હકક કે અધિકાર તેમજ ટાઇટલ પ્રાપ્ત થશે નહી અને નાણાં ગુમાવવાનો વારો આવશે અને વ્યવહાર કરનાર કરાવનાર વિરૂધ્ધ હમારા અસીલ દિવાની તેમજ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરનાર છે. જેની ગંભીર નોંધ લેવી.

<u>ઓફિસ</u> :- એ/૫૦૪, "તીરૂપતી પ્લાઝા", જુની બહુમાળીની બાજુમાં અઠવાગેટ, સુરત. મોબાઈલ : ૯૮૨૫૮૯૨૯૧૯

મુકેશ એસ. પટેલ તે
મેમુનાબીબી હામેદખાં જાફરખાન (મારી સુચનાથી) ના એડવોકેટ